


BEHAN BOX



# ભારતની પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરી થઈ રહી છે

2021ની વસ્તી ગણતરી વિલંબિત થવાથી, ભારતમાં છેલ્લી વસ્તી ગણતરી 2011માં થઈ હતી. નવી વસ્તી ગણતરી તાજી માહિતીના આધારે નીતિઓ બનાવવા માટે વસ્તી ગણતરી ખૂબ જ જરૂરી છે.

ભારતીય રહેવાસીઓ ગણતરીકાર તેમના ઘરે મુલાકાત લે તે પહેલાંના 15 દિવસ દરમિયાન પોતાના ઘરેલુ માહિતી સ્વયં ઓનલાઈન પણ નોંધાવી શકે છે.

**જાણો જરૂરની માહિતી →**

# ભારતમાં 2027ની વસ્તી ગણતરી બે તબક્કામાં થશે

## પેલો તબક્કો

ઘર યાદી અને ઘર ગણતરી

(એપ્રિલ-સપ્ટેમ્બર ૨૦૨૬)

- સરકાર ઘરો, સુવિધાઓ અને સંપત્તિઓ વિશે માહિતી એકત્રિત કરશે.
- ગણતરીકર્તા ઘરની મુલાકાત લે તેના 15 દિવસ પહેલાં તમે તમારી માહિતી વેબ પોર્ટલ પર પણ સબમિટ કરી શકો છો.

## બીજો તબક્કો

વસ્તી ગણતરી

(ફેબ્રુઆરી 2027)

- વસ્તી વિષયક માહિતી, શિક્ષણ, સ્થળાંતર વિશેની માહિતી - અને પહેલી વાર, જાતિ સંબંધિત માહિતી લેવામાં આવશે.


**પ્રથમ તબક્કા માટેની સ્વ-ગણતરી આગામી છ મહિના દરમિયાન કરવામાં આવશે.**

# આ સ્વ-ગણતરી શું છે?

સ્વતંત્રતા પછીની ભારતની 8મી જનગણના હવે શરૂ થવાની છે—અને પહેલીવાર બધી માહિતી ડિજિટલ રીતે નોંધવામાં આવશે


સ્વ-ગણતરી પ્રક્રિયામાં તમે ઓનલાઈન પોર્ટલ પર તમારા ઘરની માહિતી પોતે જ દાખલ કરી શકો છો

**આ સ્વ-ગણતરી પ્રક્રિયા વૈકલ્પિક છે જે વસ્તી ગણતરી પ્રક્રિયા ને સરળ કરવા માટે રાખવામાં આવી છે**



# તમે સ્વ-ગણતરી (SE) કેવી રીતે કરી શકો છો?

સૌ પ્રથમ **se.census.gov.in** વેબ પોર્ટલ પર જાઓ, જે 16 ભાષાઓમાં ઉપલબ્ધ છે.



# તમે સ્વ-ગણતરી (SE) કેવી રીતે કરી શકો છો?

1. આગળ, SE પોર્ટલ પર લોગ ઇન કરો.
2. તમારું રાજ્ય/યુ.ટી. પસંદ કરો અને કેપ્ચા ભરો.
3. નામ અને મોબાઇલ નંબર ભરો*
4. નકશા પર તમારું સ્થાન ઓળખો.
5. ઘરની વિગતો ભરો (બાંધકામ, સંપત્તિ, ઘરમાં પરિણીત લોકો, પીવાના પાણીનો સ્ત્રોત વગેરે).
6. તમારી માહિતી સબમિટ કરો અને SE ID મેળવો.
7. ગણતરીકર્તા તમારા ઘરે આવે ત્યારે તેમને SE ID આપો.

*પોર્ટલ દરેક ઘર માટે એક જ નંબર વાપરવાનું સૂચવે છે, શક્ય હોય તો 'ઘરના મુખ્ય વ્યક્તિ'નો નંબર.

# તમને જાણવાની જરૂરી મુખ્ય તારીખો:

## એપ્રિલ

- આંદામાન અને નિકોબાર દ્વીપસમૂહ: ૧-૧૫ એપ્રિલ
- એનડીએમસી અને દિલ્હી કેન્ટોનમેન્ટ બોર્ડ: ૧-૧૫ એપ્રિલ
- ગોવા, કર્ણાટક, લક્ષદ્વીપ, મિઝોરમ, ઓડિશા, સિક્કિમ: ૧-૧૫ એપ્રિલ
- ગુજરાત, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ: ૫-૧૯ એપ્રિલ
- ઉત્તરાખંડ: ૧૦-૨૪ એપ્રિલ
- મધ્ય પ્રદેશ: ૧૬-૩૦ એપ્રિલ
- આંધ્ર પ્રદેશ: ૧૬-૩૦ એપ્રિલ
- અરુણાચલ પ્રદેશ: ૧૬-૩૦ એપ્રિલ
- ચંદીગઢ: ૧૬-૩૦ એપ્રિલ
- છત્તિસગઢ: ૧૬-૩૦ એપ્રિલ
- હરિયાણા: ૧૬-૩૦ એપ્રિલ
- બિહાર: ૧૭ એપ્રિલ-મે ૧

முடிவாகாதது: மேற்கு வங்கம்

## મે

- તેલંગાણા: ૨૬ એપ્રિલ-૧૦ મે
- પંજાબ: ૩૦ એપ્રિલ-૧૪ મે
- દિલ્હી એમસીડી વિસ્તારો: ૧-૧૫ મે
- મહારાષ્ટ્ર: ૧-૧૫ મે
- મેઘાલય ૧-૧૫ મે
- રાજસ્થાન: ૧-૧૫ મે
- ઝારખંડ: ૧-૧૫ મે
- ઉત્તર પ્રદેશ: ૭-૨૧ મે
- જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, પુડુચેરી: ૧૭ મે-૩૧ મે

## જૂન

- હિમાચલ પ્રદેશ: ૧-૧૫ જૂન
- કેરળ: ૧૬-૩૦ જૂન
- નાગાલેન્ડ: ૧૬- ૩૦ જૂન

## જુલાઈ

- તમિલનાડુ: ૧૭ જુલાઈ-૩૧ જુલાઈ
- ત્રિપુરા: ૧૭ જુલાઈ-૩૧ જુલાઈ

## ઓગસ્ટ


- આસામ: ૨ ઓગસ્ટ-૧૬ ઓગસ્ટ
- મણિપુર: ૧૭ ઓગસ્ટ-૩૧ ઓગસ્ટ

# ડિજિટલ વસ્તી ગણતરી 2027: મુખ્ય મુદ્દાઓ

- જો લિવ-ઇન રિલેશનશિપમાં રહેનાર યુગલો તેમનાં સંબંધને સ્થિર ધરાવે, તો તેમને વિવાહિત ગણવામાં આવશે.

- સ્વ-ગણતરી દરમિયાન, દરેક ઘરમાં એક ફોન નંબર હોવા હોવાનો સૂચન છે. શક્ય હોય તો આ નંબર 'ઘરના મુખ્ય વ્યક્તિ 'નો હોવો જોઈએ. આ વ્યક્તિ સામાન્ય રીતે રોજિંદા ઘર ચલાવે અને નિર્ણયો લે છે. ઉપરાંત, તેઓ કોઈપણ લિંગના હોઈ શકે છે.

- આ 1931 પછીની પહેલી જનગણના છે જેમાં જાતિની ગણતરી થશે.



BEHAN BOX

# ડિજિટલ વસ્તી ગણતરી 2027

- ડિજિટલ વસ્તી ગણતરી ડેટા ગોપનીયતા, નિગરાની પ્રણાલી અને સામાજિક સમાવેશ માટે શું અર્થ રાખે છે?
- જો ગણતરી ઘરનાં 'મુખ્ય'ના નામે કરવામાં આવે, તો તે મહિલાઓની સ્વાયત્તતા અને નિર્ણયક્ષમતા વિશે શું કહે છે?
- લિવ-ઇન સંબંધિત કાયદાઓ, જે સરકારને વધારે મજબૂત બનાવશે, આંતરજાતિ, ક્વિયર અને આંતરધર્મીય સંબંધો પર શું અસર કરશે?

ભારતમાં જાતિની ગણતરીનો ઇતિહાસ અને કેમ 2027ની જનગણનામાં જાતિ આધારિત સત્તા અને ભેદભાવની ગણતરી થવી જોઈએ તે વિશે શોધક ટ્રિના વિથાયાથિલ સાથેના અમારા ઇન્ટરવ્યૂને વાંચો. સંપૂર્ણ ઇન્ટરવ્યૂ **behanbox.com** પર વાંચો.

Behanbox Talkies Caste Census

## 'Census 2027 Should Enumerate Caste Power Alongside Caste Apartheid'

**Saumya Kalia**

New Delhi | August 18, 2025





**આ પ્રશ્નોને અમે આગામી કેટલીક અઠવાડિયાઓ દરમિયાન
વિગતવાર સમજશું — સાથે જોડાયેલા રહો.**

behanbox.com
instagram.com/behanbox

**BehanBox ના ફેમિનિસ્ટ ચૂંટણી ન્યૂઝરૂમમાં
જોડાઓ: tinyurl.com/FEN-signup**

**BehanBoxના ફેમિનિસ્ટ ચૂંટણી ન્યૂઝરૂમથી કલ્પિતા
અને અનન્યા દ્વારા અનુવાદિત અને સંપાદિત**